પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૨ ૧૨ ડિસેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; માગસર વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજ સાંજથી પ્રચાર પડઘમ શાંત

## પ્રથમ તબક્કામાં અપેક્ષા કરતા ઓછું મતદાન રહ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા આક્રમક પ્રચાર : ૯૩ બેઠક માટે ૮૫૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

અમદાવાદ, તા.૧૧ રાજયમાં બીજા તબકકામા ગુરૂવારના રોજ હાથ ધરનારી બીજા તબકકાની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ આવતીકાલ મંગળવાર સાંજે પાચ કલાકથી શાંત થઈ જશે.ગુરુવારના રોજ રાજયની જે ૯૩ બેઠકો ઉપર મતદાનની પ્રકીયા હાથ ધરવામા આવનાર છે આ બેઠકો ઉપર કુલ મળીને ૮૫૧ જેટલા ઉમેદવારોનુ ભાવિ ઈવીએમમા સીલ થઈ જશે.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજયની કુલ ૧૮૨ વિધાનસભા બેઠક માટે પહેલા તબકકાનુ મતદાન ૯ ડિસેમ્બરના રોજ પુરુ થયા બાદ હવે બીજા



તબકકા માટે ગુરુવારના રોજ મતદાન પ્રક્રીયા હાથ ધરવા માટે ચૂંટણીપંચ તરફથી તમામ તૈયારી પુરી કરી લેવામા આવી છે.ત્યાં બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી રાજયના વિવિધ જિલ્લાઓ અને તાલુકા મથકો ખાતે રાજકીયપક્ષો દ્વારા કરવામા આવી રહેલા પ્રચાર





અને પ્રસાર ઉપર આવતીકાલે મંગળવાર સાંજે પાંચ કલાકે રોક લાગી જશે.ગુજરાત વિધાનસભાની પ્રથમ તબકકાની ચૂંટણી માટે ૬૮ ટકા મતદાન થવા પામ્યુ હતુ.બીજા તબકકામા કુલ ૯૩ બેઠકો માટે કુલ ૮૫૧ ઉમેદવારો મેદાનમા છે તેવા સમયે રાજયમાં સૌ પ્રથમવાર વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર યોજાઈ રહી હોઈ વડાપ્રધાન દ્વારા રાજયમાં સતત ચોથી વખત તેમના પક્ષની સરકાર રચાય એ માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરવામા આવ્યો હતો.આ સાથે જ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી દ્વારા તેમના પક્ષને ૨૨ વર્ષ બાદ સત્તા મળવાના સંજોગો દેખાતા તેમના દ્વારા પણ કોંગ્રેસ માટે પ્રચાર કરવામા આવ્યો હતો.આ ઉપરાંત પણ ભાજપ અને કોંગ્રેસના અનેક નેતાઓ દ્વારા આ ચૂંટણીમા પ્રચાર કરવામા આવ્યો કે જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, ચિદમ્બરમ સહિતના નેતાઓનો સમાવેશ થતો હતો.ગુરૂવારના રોજ હાથ ધરવામા આવનારી મતદાન પ્રક્રીયા સમયે રાજકીય પક્ષોના કુલ મળીને ૨૯૧ ઉમેદવારો મેદાનમાં છે.જયાં ૧૬થી વધુ ઉમેદવારો મેદાનમા છે ત્યાં બે ઈવીએમ આપવામા આવશે.મહેસાણામાં ૩૪ ઉમેદવારો, વટવામાં ૧૬,

● અનુસંધાન પાના - ૫ પર

## ન્યુઝ ટ્રેક

### ઈટાલીમાં અનુષ્કા વિરાટના લગ્ન

છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી અટકળો હવે સાચી પડતી જણાય છે. ઈટાલીના મિલાન શહેરમાં અભિનેત્રી અનુષ્કા શર્મા અને જાણીતા ક્રિકેટર વિરાટ કોહલીના લગ્નની વિધિઓ શરૂ થઈ ચુકી છે. જો કે આ અંગે સત્તાવાર કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

### મોદીએ રાહુલને અભિનંદન પાઠવ્યા

રાહુલ ગાંધીને કોંગ્રેસના અધ્યક્ષ બનાવવાની જાહેરાત થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીને શુભેચ્છાઓ પાઠવી હતી અને સફળ રાજકીય કારકિર્દીની શુભેચ્છા પાઠવી હતી.

## કોંગ્રેસના પ્રમુખપદે રાહુલ ગાંધી બિનહરીફ

### ૧૬મીએ તાજપોશી : આગામી વર્ષે ઉજવણી થશે

નવીદિલ્હી,તા. ૧૧ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવે તેના બે દિવસ પહેલા જ કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ તરીકે રાહુલ ગાંધી બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીમાં કોઈપણ દાવેદાર પ્રમુખ પદની ચૂંટણીમાં નહીં હોવાના કારણે રાહુલ ગાંધી બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જો કે, આની વિધિવત જાહેરાત ૧૬મી ડિસેમ્બરના દિવસે કરવામાં આવશે. રાહુલ ગાંધી હાલમાં ગુજરાતમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. રાહુલ ગાંધીની તાજપોશીની તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે. રાહુલ ગાંધીના સંદર્ભમાં તમામ વિગતો પહેલાથી જ જાહેર કરવામાં આવી ચુકી છે. સંસદનું શિયાળુ સત્ર પણ શરૂ થઈ રહ્યું છે.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બીજી બાજુ રાહુલ ગાંધીની તાજપોશીને લઈને તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આગામી વર્ષે ભવ્ય ઉજવણી પણ કરવામાં આવનાર છે. નવા કોંગ્રેસ પ્રમુખ તરીકે રાહુલ ગાંધી સંબોધન પણ



કરનાર છે. સોનિયા ગાંધી વિદાય લેતા પાર્ટી પ્રમુખ તરીકે સંબોધન પણ કરશે. ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. ૨૪ અકબર રોડ ખાતે આનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, પીસીસીના પ્રતિનિધિઓ, ધારાસભ્યો, કોંગ્રેસના કાર્યકરો પણ હાજરી આપનાર છે. આ કાર્યક્રમને લઈને પાર્ટી દ્વારા આક્રમક તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા એ છે કે, ૪૭ વર્ષીય રાહુલ ગાંધી ભાષણ પણ કરશે.

## મોદી હાર જોઈને ગભરાયા છે : મનમોહનસિંહ

પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી અને હાઈકમિશનરની સાથે ડિનર મિટિંગના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આરોપો ઉપર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે મૌન તોડ્યું હતું. તેમણે મોદીના આરોપોને આઘાતજનક તરીકે ગણાવીને જણાવ્યું હતું કે, ગુજરાતમાં હારને જોઈને મોદી આશ્ચર્યચકિત થઈ ગયા છે અને ગભરાઈ ગયા છે. જેથી હવે ખોટી વાતો ફેલાવી રહ્યા છે. પૂર્વ વડાપ્રધાને બેઠક દરમિયાન ગુજરાત પર ચર્ચા થઈ હોવાનો સાફ ઈન્કાર કર્યો હતો. મનમોહનસિંહે નિવેદન જારી કરીને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીને નરેન્દ્ર મોદીથી રાષ્ટ્રીયતા શિખવાની જરૂર નથી.

મોદીની પાકિસ્તાન યાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, મોદીને યાદ અપાવવા માંગે છે કે, ઉધમપુર અને ગુરદાસપુરમાં ત્રાસવાદી હુમલા બાદ બોલાવ્યા વગર મોદી પાકિસ્તાન પહોંચી ગયા હતા. હુમલાની તપાસ માટે તપાસ ટીમ પણ આવી હતી.

## ગુજરાત ચૂંટણી સાથે પાકિસ્તાનને કોઈ લેવા દેવા નથી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાકિસ્તાનની દરમિયાનગીરીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આક્ષેપ બાદ રાજનીતિ ગરમ બની છે. પાકિસ્તાને સમગ્ર મામલામાં હાથ ઉંચા કરી લીધા છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ ફેઝલે ટ્વિટ કરીને કહ્યું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં દરમિયાનગીરી કરવાના આક્ષેપો બિલકુલ પાયાવગરના છે. પોતાની ચૂંટણી ચર્ચામાં ભારતે પાકિસ્તાનને વચ્ચે લાવવાની જરૂર નથી. કાવતરા ઘડવાના બદલે પોતાના દમ ઉપર ચૂંટણી જીતવાના પ્રયાસ કરવા જોઈએ. આવા આક્ષેપ આધારવગરના છે. વડાપ્રધાન મોદીએ ગુજરાતમાં ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી પાકિસ્તાનની સાથે મળીને ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસી નેતા મણિશંકર અય્યરના આવાસ પર પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી અને હાઈ કમિશનર પહોંચ્યા હતા. જેમાં કલાકો સુધી ચર્ચા થઈ હતી.











